


# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ


ફોન : ૨૩૨૨૬૨૫૧




મા૨ ખાય છે શાંતિ અને લાજ-શરમ રખડે છે,
બળાત્કારો, ગુન્હા ને અવ્યવસ્થાની ત્રેખડે છે,
રહી નથી લગામ પિતા-પુત્રની તંત્ર ઉપર -
બદનામ યુપી સરકાર ભરાઇ ભેખડે છે.

આવે છે કામ,
પ્હેલો સગો પડોશી -
ભૂટાન-યાત્રા

.. અને વહેસે -
કેનાલા ની રગોમાં -
સુખ-સમૃદ્ધિ




## ચિંતન

**ન દુર્જનઃ સજ્જનતા મુપૈતિ બહુ પ્રકાર રપિ સેવ્યમાનઃ ।**
**ભૂયો અપિ સિક્તઃ પયસા ધૃતેન ન નિમ્બવૃક્ષો મધુરત્વમેતિ ॥**

'કડવા લીમડાના ઝાડને દૂધ-ઘી કે પંચામૃતથી સિંચવામાં આવે તો પણ તેમાં મધુરતા મિઠાશ આવતી નથી તેમ દુર્જનની અનેક રીતે સેવા ચાકરી કરવામાં આવે, છતાં પણ તે સજ્જન થતો નથી.'

દુર્જન, દુષ્ટ સ્વભાવ વાળાં લોકોને વિનય-વિવેક-નમ્રતાથી તેના દોષ વિશે સમજાવી તેમાં કેવી રીતે સુધારણા થઇ શકે એ બાબત અનેક રીતે સમજાવવા છતાં એ પોતાનો સ્વભાવ રીતભાત કે ટેવોને સુધારી કે બદલતાં નથી અને પોતે જ સાચાં છે એની દૃઢ મક્કમતા રાખે છે. દુર્જન લોકોને સજ્જની દોસ્તી, સાધુ સંતોના સત્સંગ કે બુદ્ધિમાન-વિદ્વાનની સમજણ પણ કંઇ જ અસર કરતી નથી. શાસ્ત્રોમાં પણ કહ્યું છે. પ્રાણ-અને પ્રકૃતિ મૃત્યુ સાથે જ જાય છે.

આ વાત સમજાવવા અહીં કડવા લીમડાનું દૃષ્ટાંત આપ્યું છે તેને મીઠું-મધુર-પંચામૃતનું સિંચન કરી ઉછેરવામાં આવે છતાં તેનો 'કડવો' પ્રાકૃતિક સ્વભાવ બદલી શકાતો નથી.

## સુવિચાર

- સ્વપ્ન કેવળ જોયે ચાલે નહીં, પોતે એ સ્વપ્ન થઇ જવું પડે છે, એ પછી સ્વપ્નોનો આકાર મળે છે, અંતે વિશ્વ એટલું જ હોય છે જેટલું તમારું મગજ હોય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- જીવનમાં વિનોદ પૂરો થાય કે જીવવું હાસ્યાસ્પદ થાય છે **- શાહબુદ્દીન રાઠોડ**
- લોકો સમક્ષ રહેલા પ્રશ્નો મુશ્કેલ નથી હોતા, એની ઉપરના તેમના જવાબ અઘરા હોય છે અને જવાબ શોધવા માટે અનુસરવામાં આવેલ માર્ગ આકરાં **- કાન્તિ ભટ્ટ**
- એક નદીની જેમ આપણે જીવતા જવું, અને આસપાસનો પ્રદેશ લીલોછમ કરવાની આપણી ક્ષમતા વધારતાં જવું **- તોલ્સ્તોય**
- માણસ સ્વપ્નોમાં જીવી શકતો નથી, અને સ્વપ્ન વગર પણ માણસ જીવી શકતો નથી **- સ્વીસ કહેવત**
- સફળતા અકસ્માત નથી, સફળતા એ ધોરણ છે, સફળતા એ વ્યુહરચના છે અનેક વાતોનો સમન્વય કરવો પડે છે ત્યારે સફળતા જન્મે છે **- ડો. જીતેન્દ્ર અઢિયા**
- માણસ એટલે જેનો વરતારો બહાર પાડી ન શકાય કે જેના વર્તન, વ્યવહાર, અને ચાલની આગાહી ન થઇ શકે તેવું પ્રાણી **- ડો. ચંદ્રકાન્ત મહેતા**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ તો વાલીઓ અને વિદ્યાર્થીઓ શાળા કે ટ્યૂશન કલાસની મોટી ફી ભરીને જાણે શિક્ષક કે શાળાને ખરીદી લીધાં હોય એવો ભાવ અનુભવે છે પોતાની જવાબદારીથી નાહી નાખે અને તેમાંય વળી વીઆઈપીનું સંતાન હોય તો તો પછી પૂછવું જ શું?

વિદ્યા પ્રાપ્તિ માટે વિદ્યાર્થીએ નમ્ર, થઇને, શિષ્યભાવે રહેવું જોઇએ, તો જ વિદ્યા ચડે-આવડે.

બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલયમાં પંડિત સુખલાલજી જૈન વિભાગના આચાર્ય હતા - તે માગધી ભાષાના પ્રખર વિદ્વાન હતા. દેશવિદેશથી જૈન દર્શનનો અભ્યાસ કરવા વિદ્યાર્થીઓ તેમની પાસે આવતા હતા. માગધી સાથે સંસ્કૃતનું પણ જ્ઞાન જરૂરી છે એવું પંડિતજીને લાગ્યું વિશ્વ વિદ્યાલયમાં જ એક યુવાન પ્રોફેસર સંસ્કૃતના વિદ્વાન હતા.

પંડિત પ્રજ્ઞાચક્ષુ હતા. એટલે વ્યાખ્યાન શરૂ થાય એના પહેલાં જ છેલ્લી પાટલી જઇને બેસી જતા. એકવાર યુવાન પ્રોફેસરનું ધ્યાન ગયું અને વ્યાખ્યાન અટકાવી તરત પંડિતજીને વંદન કરી કહ્યું ચાલો મારી બાજુમાં ખૂરશી મુકાવી દઉં આપ ત્યાં બેસો!

પંડિતજી કહે, અત્યારે હું આપનો વિદ્યાર્થી છું મારે સંસ્કૃત શીખવું છે અને શિષ્ય તરીકે મારી આ જ જગ્યા છે. છેલ્લી પાટલીએ જ બેસી પંડિત સુખલાલજી એ સંસ્કૃતના વર્ગોમાં અભ્યાસ કર્યો..

Email - sureshchandrabhatt18@gmail.com

# ગેટ સેટ ગોલ...!! બોલ 'બ્રાઝુકા' ગોલપોસ્ટમાં તો 'બ્રાઝિલ' ટ્રોફી હાથમાં...!!

## 'બ્રાઝિલ-૨૦૧૪' ફૂટબોલ વર્લ્ડકપમાં સરતાજ અને 'ગોલ્ડન બુટ' માટેની ટક્કર સાથે વિશ્વનો સૌથી દિલધડક સ્પોર્ટ્સ શોની હૃદય થંભાવી દે એવી મેચો રમાશે

પેલે... મેરેડૉના... રોનાલ્ડો... મેસ્સી... મુલર એકબાદ એક ફૂટબોલ સુપરસ્ટારના નામ આવતાં જાય અને વર્લ્ડકપ ફૂટબોલનો નશો છવાતો જાય. આ પૈકીના એકેય ખેલાડીને ભારતવાસીઓએ જોયો નહીં હોય, કારણ તેઓ ભારત આવતાં નથી. આપણી ભારતની ફુટબોલ ટીમ પણ કયારેય આ ખેલાડીઓ સામે રમી નથી. કારણ આ બંને વાતો અશક્ય છે... અને આ વાતો નજીકના ભવિષ્યમાં સાકાર થાય એવી લાગતી પણ નથી. આપણે મહાન ભારત દેશ ફૂટબોલ રમતા ૨૦૯ દેશોમાં ૧૪૬ માં ક્રમાંક પર બિરાજીત છે. આપણો એક પણ ખેલાડી વર્લ્ડકપ તો શું એકાદી ફૂટબોલની લીગ ટીમમાં પણ સામેલ નથી!!

છતાંય વર્લ્ડકપ ફૂટબોલનો ભારતમાં ક્રેઝ કેમ? આને એક જ જવાબ છે કે ફૂટબોલ એ માત્ર એક રમત નહીં પણ પેશન છે... અને આ પેશનના કારણે દેશ-દુનિયા વચ્ચેની સીમા રેખા ભૂંસાઇ જાય છે. પછી રોનાલ્ડો અને મેરેડૉના આપણાં જ લાગવા લાગે છે, અને સચિન તેંડુલકર જેટલાં જ પ્રિય પણ... આ વખતનો વર્લ્ડ કપ ફૂટબોલની કાશી સમાન બ્રાઝિલથી શરૂ થાય છે. ભારતીય સમય પ્રમાણે આ બધી મેચો રાત્રે જામશે... એટલે જ ટૂંકમાં કહીએ તો ભારતીય ફૂટબોલના ચાહકો માટે વર્લ્ડકપ એ રાતનો 'દિવસ' બનવાનો છે!!

ફૂટબોલ એટલે વેગનો થર્રાર, ફૂટબોલ એટલે પદલાલિત્યની બહાર. ફૂટબોલ પર છે પ્રેક્ષકોનો પ્રેમ અપરંપાર અને એટલે જ ફૂટબોલ રમતોનો રાજા કહેવાય છે. એવા આ ફૂટબોલનો વર્લ્ડકપ એટલે સ્ટાર ખેલાડીઓનો કુંભમેળો... એમનાં પગમાં ફરતો બોલ 'બ્રાઝુકા' જેણે ગોલ્ડપોસ્ટમાં પહોંચાડ્યો એ રાજા... બ્રાઝિલ એ એકમાત્ર એવો દેશ છે. જેણે અત્યાર સુધી રમાયેલા ૨૦ વર્લ્ડકપમાં એન્ટ્રી મેળવેલી છે. સૌથી વધુ એટલે કે પાંચ વખત બ્રાઝિલે વર્લ્ડકપ વિનરની ટ્રોફી ઊંચકેલી છે. એમાંય પેલેની આ ટીમે ૧૯૫૮, ૬૨ અને ૭૦ એમ ત્રણ વખત એક ખેલાડીના જોર પર વર્લ્ડ કપ જીતવાનો કીર્તિમાન કરેલો છે, અને એવાં જ આ બ્રાઝિલ દેશમાં ૨૦ મો વર્લ્ડકપ અને ફૂટબોલનાં ભગવાન 'પેલે' ના દરિકામાં દ્વંદ્વ એટલે દૂધમાં સાકર જેવો માહોલ જામ્યો છે!!




ધી ફેડરેશન ઓફ ઈન્ટરનેશનલ ફૂટબોલ એસોસીએશન (ફીફા) દ્વારા દર ચાર વર્ષે ફૂટબોલ વર્લ્ડકપનું આયોજન થાય છે. આ સ્પર્ધાની શરૂઆત ૧૯૩૦માં થઈ. સાચ્ચે તો આની ચર્ચા તો દસ વર્ષ પૂર્વે જ શરૂ થઈ હતી. ૧૯૩૦માં આ સ્પર્ધાને મૂર્ત રૂપ મળ્યું. આ પ્રથમ વર્લ્ડ કપનું યજમાન પદ ઉરૂગ્વેને મળ્યું. સ્વીડન, હૉલેન્ડ, સ્પેન અને ઈટલી પણ એ વખતે યજમાન પદની રેલમાં હતા. પરંતુ એ વખતે સ્વતંત્રનો શતક મહોત્સવ ઉજવી રહેલો ઉરૂગ્વે એ દરેક સ્પર્ધક ટીમનો પ્રવાસ અને નિવાસ ખર્ચ કરવાની તૈયારી અને સ્પર્ધા માટેનાં નવા સ્ટેડિયમ બાંધવાનું સ્વીકારી લેતાં એ સન્માન મળી ગયું. પ્રથમ વર્લ્ડકપમાં ૧૩ દેશોએ ભાગ લીધેલો અને ફાઈનલ મેચમાં ઉરૂગ્વે એ આર્જેન્ટીનાને ૪-૨ ગોલથી પરાજીત કરી વિશ્વકપ જીતીને એણનો વિજય મહોત્સવ બેવડાવી દીધો.




દક્ષિણ આફ્રિકામાં ૨૦૧૦ માં રમાયેલો છેલ્લો વર્લ્ડકપ ફૂટબોલ સ્પેને જીત્યો હતો. કદાચ જો તમને યાદ હોય તો એ વખતે પેલો ભવિષ્યવાણી કરતો 'ઑકટોપસ' ચર્ચામાં હતો... ૧૯૩૦ થી ૨૦૧૦ સુધીમાં કુલ ૧૯ વખત વર્લ્ડકપ રમાયો છે. બીજા વિશ્વયુદ્ધના કારણે ૧૯૪૨ અને ૧૯૪૬ માં આ સ્પર્ધા થઈ શકી નહોતી. દર ચાર વર્ષે રમાતી આ સ્પર્ધામાં કુલ ૩૨ ટીમો ભાગ લે છે. એમની સીલેકશન માટે વિવિધ સ્પર્ધાઓ થાય છે અને એમાંથી ૩૨ ટીમો સ્થાન પામે છે. યજમાન દેશને એમાં આપોઆપ એન્ટ્રી મળે છે. અત્યાર સુધી બ્રાઝિલે-૫, ઈટલી-૪, જર્મની-૩, આર્જેન્ટીના અને ઉરૂગ્વે-૨ તો ફ્રાન્સ - ઈંગ્લેન્ડ અને સ્પેન એક વખત વિશ્વવિજેતા ટ્રોફી મેળવેલી છે.

૨૦મો વર્લ્ડકપ ૧૨ જૂનથી ૧૩ જુલાઈ સુધી બ્રાઝિલમાં રમાઈ રહ્યો છે અને બ્રાઝિલે રંગારંગ કાર્યક્રમમાં બીજા જ દિવસે ક્રોએશિયાને ૫-૧ થી પછાડી દમામભેર શરૂઆત કરી છે... ફૂટબોલનાં 'દાદા' ગણાતા બ્રાઝિલ આ વખતે હોમ ગ્રાઉન્ડ સાથે ચેમ્પિયન બનતા હૉટ ફૅવરીટ છે. એમની ટીમમાં આધુનિક પેલે ગણાતો નેયમાર મેચ વિનર ખેલાડી છે. મેક્સિકો, ક્રોએશિયા અને કેમરૂમ જેવી ટીમના ગ્રૃપમાં આ 'ગ્રૃપ ઑફ ડેથ' સમજાય છે...

બીજા ગ્રૃપમાં સ્પેન જોડે એનેક મહારથી છે. ઝાવી, ફર્નાન્ડો ટોરેસ, આંદ્રે એનિસ્ટા, ઝાબી અલાન્સો અને ગોલકીપર ઈકર કેસિલાલ ભલભલી ટીમને ગોલ માટે તરસાવે એવાં છે. છેલ્લાં ચાર વર્ષનો સાતત્ય સભર દેખાવ બીજી વખત પણ સ્પેન ચેમ્પિયન બને એવો પુરતો ભરોસો ધરાવે છે. ચાર વખતની ચેમ્પિયન ઈટાલી પાસે બુફાન, આંદ્રે રાનોચ્ચિ અને માર્કો વેરાટ્ટી ટીમમાં છે, તો મારિયા બાલ્ટોલી અને પાબ્લો ઓસવાલ્ડો જો ફોર્મમાં આવ્યા તો ઈટાલી પાંચમી વખત ચેમ્પિયન બની શકે છે...

વિશ્વના ત્રીજા નંબરના ક્રમાંકિત જર્મનીને પોર્ટુગલનું આહ્‌વાહન છે. એમની પાસે ફિલીપ લામ્હ, થોમસ મૂલર જેવાં લગડી પ્લેયર છે. વર્લ્ડકપમાં ૯૯ મેચ જર્મની અને ૨૨૨ ગોલ મારવાનો રેકોર્ડ બ્રાઝિલ ધરાવે છે!! વર્લ્ડકપમાં સૌથી વધુ વિજય ૬૭ મેચમાં બ્રાઝિલે મેળવ્યા છે. સૌથી વધુ પરાજય ૨૪ મેચમાં બ્રાઝિલે મેળવ્યા છે, સૌથી વધુ પરાજય ૨૪ મેચમાં મેક્સિકોએ મેળવ્યા છે. વર્લ્ડકપના લીજેન્ડરી પ્લેયર તરીકે પેલે (બ્રાઝિલ), મેરેડોના (આર્જેન્ટિના), મુલર (જર્મની), રોસી (ઈટાલી), બેકેનબર (જર્મની), સર ચાર્લટોન (ઈંગ્લેન્ડ), પ્લાનીટી (ફ્રાન્સ).

બ્રાઝિલ એ ગીત-સંગીત અને રંગીનીઓનો દેશ કહેવાય છે. આ વખતનું ગીત 'વી આર વન' ગીત પિટબુલ, જેનિફર લોપેઝ અને કલાઉડિયા દ્વારા ગવાયું છે. ફિફા વર્લ્ડકપમાં ઓફિશિયલ સોંગની શરૂઆત ૧૯૬૨માં ચિલી ખાતે યોજાયેલ સાતમાં વિશ્વકપથી શરૂ થઈ છે. બ્રાઝિલ વર્લ્ડકપનો માસ્કોટ 'ફૂલેકો' છે. આ સ્પર્ધામાં બોલનું નામ 'બ્રાઝુકા' છે.

'બ્રાઝિલ-૨૦૧૪'નો ગોલ્ડન બુટ માટેનો ગોલ્ડ સ્ટાર ખેલાડીઓમાં સુરેઝ (ઉરૂગ્વે), ડેમ્પ્સી (અમેરિકા), બાલાટેલી (ઈટાલી,) હેર્નોન્ડેઝ (મેક્સિકો), કરીમ બેન્ઝેમ (ફ્રાન્સ), જાવારાનોવિચ (સ્વિત્ઝર્લેન્ડ), ડ્રોગ્બા (આઈવરી કોસ્ટા), લાયોનેલ મેસી (આર્જેન્ટિના), રૂની (ઈંગ્લેન્ડ), ક્રીસ્ટીઆનો રોનાલ્ડો (પોર્ટુગલ), નેયમાર (બ્રાઝિલ), કલોસ (જર્મની), રોમ્બેલ (નેધરલેન્ડ) અને ઈનિએસ્તા (સ્પેન) વચ્ચે જોરદાર ટક્કર જામવાની છે.

બ્રાઝિલીઅનો ફૂટબોલ માટે અત્યંત ક્રેઝી છે. પણ બ્રાઝિલના વર્લ્ડકપનાં આયોજનનાં વિરોધનો સૂર એમનાં જ દેશમાં ઊઠેલો છે. વર્લ્ડકપ માટે ખર્ચનારા અબજો રૂપિયા ઈતર મૂળભુત પાયાની જરૂરિયાત માટે વાપરી શકાયા હોત એવું મોટો વર્ગ માને છે. ૧૯૯૪માં બ્રાઝિલને વર્લ્ડકપ જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવનાર અને હાલ રાજકીય નેતા બનેલા રોમારીયો ખુદ વર્લ્ડકપ આયોજન સામે તોપ માંડી છે!! બ્રાઝિલમાં રૂપલલનાઓએ એમનાં વ્યવસાય માટે પણ વિવિધ સહાય સરકાર પામે માંગી છે. પ્રેક્ષકો અને ખેલાડીઓ રમતની સાથે બ્રાઝિલિયન સુંદરીનાં સહવાસ માટે પણ આવતાં હોય છે!! બાય ધ વે ફૂટબોલના ફિવરમાં થોડો ઘણો વિરોધ અને રંગીનીઓ તો નજરઅંદાઝ કરવી જ રહી.

**ચૂંટલો :**

ભારત એ ક્રિકેટ ઘેલો દેશ છે. ૨૦૧૧ના વર્લ્ડકપ વિનર ભારતને ૧૩ કરોડ રૂપિયા વિજેતા રકમના મળેલા. ફૂટબોલ - વર્લ્ડકપમાં છેલ્લા એટલે કે ૩૨માં ક્રમે રહેનારને ૪૭ કરોડ અને વિજેતા ટીમને ૨૦૭ કરોડ રૂપિયા ઈનામી રકમ મળશે. કયાં ૧૨ દેશો વચ્ચેનું ક્રિકેટ અને કયાં ૨૦૯ દેશોમાં રમાતું ફૂટબોલ?? ફૂટબોલમેં અચ્છે દિન કબ આયેંગે??

# મંજુલા પોતાના કામમાં એટલી વ્યસ્ત રહેવા લાગી કે તેને હવે પોતાના વિશે વિચાર કરવાનો પણ સમય ન હતો, તે મનોજને ભુલી નહોતી પણ હવે તેના માટે આંસુઓ આવતાં નહીં, મનોજનો પ્રેમ એ હૃદયમાં સાચવીને બેઠી હતી સ્કૂલ ઘર, બાળકો એ જ હવે તેનું જીવન હતું

**નવાં કલેવર**

**- નટવર હેડાઉ**

(ગયા સપ્તાહનું ચાલુ)

મંજુલા હવે વધુ ત્યાં રોકાઇ ન શકી. તે પાછા પગે પાછી વળી અને આવીને પથારીમાં પડી. તેની આંખોમાંથી આંસુઓ વહેવા લાગ્યાં. હૃદય ચિત્કાર કરી ઉઠ્યું. મનોજ... મનોજ... પણ તેની વ્યથાને સાંભળનાર કોઇ ન હતું. ઘણીવાર સુધી રડ્યા પછી તેનું મન હળવું થયું. ભવિષ્યની બાબતે પણ તે વિચારવા લાગી. રવિન્દ્ર અને સવિતાની વાતોથી તેની ઊંઘ ઊંડી ગઇ હતી. રાતે જ તેણે પોતાના બધા માર્કશીટ અને પ્રમાણપત્રો શોધી કાઢ્યા. સવારે રવિન્દ્રના ગયા પછી ઘરનાં બધાં કામ પતાવી એ ઘેરથી નીકળી પડી.

મંજુલાએ મનોજના મૃત્યુ બાદ પહેલીવાર ઘરની બહાર પગ મુક્યો હતો. જુના દિવસો યાદ કરતાં આંખમાં વારંવાર આંસુઓ આવતાં હતા. તે કયાંક એકલી જાય તે મનોજને ગમતું નથી. ત્યાં સુધી કે તેને પિયર પર તે એકલી જવા ન દેતો. પણ હવે તો આખું જીવન એકલાં જ ગુજારવાનું હતું. શોક કયાં સુધી રાખવો? મન મનાવીને તે આગળ વધી.

કેટલાક દિવસો સુધી દોડધામ, વિનંતીઓ અને પ્રયાસો બાદ એક પબ્લિક સ્કૂલમાં તેને શિક્ષકની નોકરી મળી ગઇ. ત્યાં સ્કૂલના શિક્ષકોની બાળકો માટે મફત ભણવાની વ્યવસ્થા હતી.

ધીરે ધીરે તેની જીવનની ગાડી ઝડપભેર ચાલવા લાગી. મંજુલાની દુનિયા હવે ફક્ત આર્જવ અને આરતી પુરતી સીમિત થઇ ગઇ હતી. બાકીનો સમય ઘરના કામકાજમાં વીતી જયો. સાંજે સમય મળે ત્યારે આજુબાજુના બાળકોનું ટ્યુશન રાખેલું તેનાથી વધારાની કમાણી થતી હતી. મંજુલા પોતાના કામમાં એટલી વ્યસ્ત રહેવા લાગી કે તેને હવે પોતાના વિશે વિચાર કરવાનો પણ સમય ન હતો. તે મનોજને ભુલી નહોતી પણ હવે તેના માટે આંસુઓ આવતાં નહીં. મનોજનો પ્રેમ એ હૃદયમાં સાચવીને બેઠી હતી. સ્કૂલ ઘર, બાળકો એ જ હવે તેનું જીવન હતું.

સ્કૂલમાં વાર્ષિકોત્સની તૈયારીઓ ચાલી રહી હતી. વાર્ષિકોત્સવમાં શહેરના મેયર મુખ્ય અતિથિ વિશેષ હતી. સમારોહને કઇ રીતે યાદગાર બનાવી શકાય. તે અંગે સ્કૂલના સંચાહકો ચર્ચા વિચારણા કરતા હતા. મંજુલાને કાર્યક્રમના સંચાલનની જવાબદારી સોંપવામાં આવી હતી. મનોજના ગયા પછી મંજુલાએ કયારેક પોતાના પહેરવા ઓઢવા કે તૈયાર થવાનો વિચાર જ કર્યો ન હતો. પરંતુ સ્કૂલના કાર્યક્રમની ગરિમાનો વિચાર કરીને તેણે સિલ્કની ગુલાબી સાડી કાઢી. જે મનોજે તેને લગ્નની વર્ષગાંઠ પ્રસંગે ઉપહાર તરીકે આપી હતી. મનોજને ગુલાબી રંગ ખુબ જ ગમતો હતો. સાડીની સાથે સાથે મનોજની યાદો પણ કબાટમાંથી બહાર આવી ગઇ. સાડી પહેરીને તૈયાર થઇ એટલે અનાયાસે તેનાથી દર્પણમાં જોવાઇ ગયું. આ પહેલાં તો એ જાણે કે દર્પણમાં જોવાનું જ ભૂલી ગઇ હતી. દર્પણ તો જયારે મનોજ હતો ત્યારે પણ જોતી. કેમ કે તે જયારે પણ દર્પણમાં જોવા જાય ત્યારે મનોજ કહેતો 'મંજુ, આટલું રૂપ લઇને દર્પણની સામે જઇશ તો એ ફુટી જશે. શું કામ બિચારાં ને ઘાયલ કરે છે.'

'સારું... સારું... તમે તો એ રૂપને રોજ જુઓ છો. તમને કંઇ થયું?'

મનોજ હસીને કહેતો. 'અરે! થયું કેમ નથી? જોતી નથી હું કેવો તારો દિવાનો થઇ ગયો છું. એક ભલો ભોળો માણસ તારા રૂપમાં પાગલ થઇ ગયો છે.'

'ઉફ, તમારી સાથે તો વાતમાં કોઇ જીતી શકે તેમ નથી. સારું તો તમે જ હવે જોઇને કહી દો કે ચાંદલો બરાબર લાગ્યો છે કે નહીં...?'

મંજુલા દર્પણની સામે ઊભી હતી. પણ તેની સામે મનોજ હતો. તેણે નોટબુક તપાસવાની લાલપેનથી કપાળમાં ચાંદલો કર્યો. 'મનોજ જુઓને ચાંદલો બરાબર થયો છે કે નહિં?' તે જ વખતે તેના કાનમાં અવાજ સંભળાયો.

'મંજુ'

તેને એ સ્વપ્નવત લાગી રહ્યું હતું. તેણે પોતાનું સપનું જાળવી રાખવા આંખો ખોલી નહીં. શ્વાસ ઘડીભર થંભી ગયો. ત્યાં તો ફડાટ... ફડાય... તેના ગાલ પર કોઇએ તમાચા ચોડી દીધા. કુલટા... પાપણી તે જે થાળીમાં ખાધું તેમાં જ થુંકી.

મંજુલાએ ગભરાઇને આંખો ખોલી. સવિતા તેને ગાળો દઇ રહી હતી. રવિન્દ્ર ચુપચાપ ત્યાં ઊભા હતા. સવિતાની વાણીમાંથી આગ ઝરતી હતી. મંજુલાની આંખોમાં આંસુ તેને ઠારવા સક્ષમ ન હતો. તેણે નજર ઢાળી દીધી અને ચુપચાપ ઓરડામાંથી બહાર નીકળી ગઇ.

ઉદાસ સાંજ તેના મનમાં ઘેરાવા લાગી. મંજુલાએ વરવા દૃશ્યોને અંદર ઉતારવાની કોશિષ કરી પણ આંખોએ સાથ ન આપ્યો. સાંજ કયારે ઢળી ગઇ અને અંધકાર છવાઇ ગયો તેની ખબર ન જ પડી. મનનો અંધકાર બહાર ફેલાયેલા અંધકાર કરતાં કયાંક વધુ વિસ્તૃત હતો. તે પોતાના ઓરડાની બહાર કોણ જાણે કયાંક સુધી ટેરેસ પર ઉભી રહી. ત્યાં અંજલીએ તેને બોલાવી. 'મમ્મી તું રડે છે. હું તને હેરાન નહીં કરું. મને ભુખ પણ નથી લાગી.' મંજુલાએ તેને ખોળામાં લીધી. દુઃખનાં દરિયામાં હાલકડોલક થતી મંજુલાએ અંજલીનો સહારો લીધો. ડુબતાંને તરણાંનો સહારો પણ ઘણો સારો લાગે છે.

અંજલી મંજુલાનો હાથ પકડીને ઓરડામાં લઇ આવી. મંજુલાએ આર્જવને જગાડ્યો અને તેને આંગળી એ વળગાડી અંજલીને લઇ તે ઘરનાં મુખ્યદ્વારની બહાર નીકળી ગઇ. એક નવા આકાશની શોધમાં...

**vanvihari@gmail.com**

# પ્રેમ અને પ્રેમ નામનું છળ — અંજળ

**ગુલમહોર**

**દિનેશ દેસાઈ**

## પ્રેમ એટલે પ્રેમ, પરંતુ પ્રેમ નામમાં છળકપટનો પ્રવેશ થાય તો? નસીબની બલિહારી

"અંગ્રેજી સાહિત્યકાર અર્નેસ્ટ હૅમિંગ્વે કહે છે કે સપ્રેમ હૃદયથી થાય છે અને લાગણી દ્વારા એની અભિવ્યક્તિ થાય છે. પ્રેમનો વિરોધ કરનાર કોઈ હોય તો એ બુદ્ધિ છે. નક્કી તમારે કરવાનું હોય છે કે તમારે શું કરવું છે?"

પ્રેમની વાત દિલથી થાય છે. દિલથી પ્રેમનો આરંભ થાય છે. દિમાગ તો બીજા ક્રમે આવે. પ્રેમ કરો ત્યારે એનો વિરોધ થવાનો જ. પ્રેમ કરનારના ખુદનું દિમાગ પણ ક્યાંક અને ક્યારેક અવરોધ સર્જી જાય એવું પણ બને. પ્રેમ અને પ્રેમ નામના છળ તથા અંજળની, અંજળપાણીની પણ વાત કરીએ.

પ્રેમમાં છળ હોય? હોઈ શકે. અમદાવાદના રોહને સુરતની રચના સાથે પ્રેમસંબંધ પછી લગ્ન કરી લીધા. રચના સુરતમાં પોસ્ટ ઓફિસમાં સારા હોદ્દા ઉપર જોબ કરતી હતી. પી.ઍન્ડ ટી. ડિપાર્ટમેન્ટની કેન્દ્ર સરકારની નોકરી અને સારો પગાર. બીજી તરફ અમદાવાદ રહેતા રોહનની ખાનગી કંપનીમાં સામાન્ય નોકરી અને સામાન્ય પગાર.

રોહન સાથેના પ્રેમસંબંધ વિશે જ્યારે રચનાએ પોતાનાં મા-બાપને વાત કરી ત્યારે મા-બાપે તો એક જ સલાહ આપી કે સજો બેટા, તું સમજદાર છે. તારો નિર્ણય લેવા માટે પણ તું સ્વતંત્ર છે. બસ, અમારી એક સલાહ માનજે કે તું જોબ છોડતી નહીં. આર્થિક રીતે પગભર અને સ્વતંત્ર રહેવું ૨૧મી સદીની સ્ત્રી માટે જરુરી અને અનિવાર્ય પણ છે...

પ્રેમલગ્ન પછી રચનાનાં મા-બાપને જે વાતનો ડર હતો, જે ભીતિ હતી એમ જ થયું. રોહને રચનાને જોબ છોડી દેવા અને ગૃહસ્થી સંભાળવા મનાવી લીધી. હકીકત એ હતી કે રોહનને પોતાના કરતા પત્નીનો વધુ પગાર સહન થતો નહોતો. તેનામાં લઘુતાગ્રંથિ વધવા માંડી હતી. રચનાએ પોતાના પ્રેમ ખાતર અને લગ્ન ટકાવી રાખવા સરકારી નોકરી છોડી દીધી. રોહન સાથે પ્રેમલગ્ન કરવાનો પોતાનો નિર્ણય સાચો હતો એ પુરવાર કરી આપવા માટે અને મા-બાપ સામે પોતાની છબી ન ખરડાય એ માટે પણ રોહનની વાત માનવા સિવાય રચના પાસે કોઈ વિકલ્પ નહોતો.

હવે રચના એક દીકરા અને એક દીકરીની મા બની ગઈ હતી. રોહન કામ ઉપર જાય અને આખા ઘરમાં રચના એકલી ભીંતો સાથે વાતો કરતી રહે. સંતાનોને ઉછેરવા, ભણાવવા, રસોઈ કરવી, ઘરની જવાબદારી સંભાળવી અને બીજાં ડોમેસ્ટિક કામોમાં તેની જિંદગી સમેટાઈ ગઈ. હા, નોકરી છોડવાની સાથે તેણે આર્થિક સ્વતંત્રતા પણ ગુમાવી. રૂપિયાની બાબતમાં તે રોહનની જાણે ગુલામ જ બની ગઈ. રોહન પાસે પૈસા માગવાના અને તે ક્યારેક આપે પણ ખરો અને ક્યારેક ન પણ આપે. પોતાને મન થાય ત્યારે જરુરી ચીજોનું શોપિંગ તે ન કરી શકે. રોહન પાસે રૂપિયા હોય, સમય હોય ત્યારે જ તે રચનાને ઘર બહાર લઈ જતો. આ સિવાયના દિવસોમાં રચનાએ ઘરની દીવાલોમાં જેલની માફક જ કેદ રહેવાનું.

રોહન સામે રચના કોઈ દલીલ કરી શકતી નહોતી. તે કોઈ પણ વાજબી મુદ્દો હોય તો પણ રોહનનો વિરોધ કરી શકતી નહીં, રોહન સાથે ઝગડો કરીને તે જાય તો પણ ક્યાં જાય? બસ, પ્રેમ નામની જેલમાં રચના કેદ રહી ગઈ હતી. બીજી તરફ રચનાને એવી ખબર પડવા માંડી હતી કે રોહનને સમય જતા અન્ય સ્ત્રી સાથે પણ સંબંધ છે. પરંતુ રોહનનો વિરોધ કરવાનો રચના પાસે કોઈ સંજોગ પણ નહોતો અને હિંમત પણ નહોતી. પ્રેમમાં કોઈ અપેક્ષા પણ ન હોય અને સાથી પાત્રની ઉપેક્ષા પણ ન હોય. અહીં માત્ર ઉપેક્ષા જ બાકી રહી હતી. પ્રેમ એટલે કોઈ પણ પ્રકારની અપેક્ષા વિનાનું સમર્પણ. પ્રેમમાં ફના થવાનું હોય છે. પરંતુ ઈરાદાપૂર્વકની ગણતરીઓ માંડીને પ્રેમમાં ડગ માંડવાના હોતા નથી. અહીં રચનાએ તો પ્રેમમાં સમર્પણભાવ સાથે ફના થઈ જવા સુધી રોહનને પ્રેમ કર્યો. પ્રેમ કર્યો એથી જ તો રચનાએ રોહનની બધી જ વાતો સમર્પણભાવ સાથે માની લીધી, એનો અમલ પણ કર્યો. સહન કરવાનું રચનાને ભાગે જ આવ્યું. પ્રેમ કરનારને જ હંમેશા સહન કરવાનું આવે છે. ૨૧મી સદીમાં પ્રેમના નામે છોકરો અથવા છોકરી જ્યારે લાગણીના બહાને પોતાના પ્રિય પાત્રનું ઈમોશનલ ટોર્ચર યા ઈમોશનલ હૅરેસમેન્ટ કરે ત્યારે બીજા પાત્રે સમજી જવું જોઈએ. લાગણીના દરિયામાં ધૂબાકા મારવા જ જોઈએ પણ લાગણીના દરિયામાં ઈમોશનલ બ્લૅકમેઈલિંગના મોજાઓમાં તણાઈ જવાની જરુર નથી. જ્યારે પહેલી નજરે પ્રેમ થાય ત્યારે બુદ્ધિને અને હૃદય — લાગણીને ઝગડો થતો જ હોય છે. પહેલી નજરનો પ્રેમ સારો જ હોય, સાચો જ હોય. પરંતુ બીજી વાર પણ નજર કરી લેવી જોઈએ. પ્રેમ એટલે એકબીજાને નારાજ કે નિરાશ ન કરે. પ્રેમ એટલે એકની ખુશીમાં બીજાને ખુશીનો અહેસાસ. પોતે પાણી પીવે અને પ્રિયજનની તરસ મટી જાય એનું નામ પ્રેમ. પ્રેમ એટલે પ્રેમ. પ્રેમમાં છળ કે કપટ ન હોય. પ્રેમમાં કોઈ રાજરમત ન હોય. પ્રેમમાં માત્ર પ્રેમની જ રમત હોય. પ્રેમ એટલે પ્રેમ. પરંતુ પ્રેમ નામમાં છળકપટનો પ્રવેશ થાય તો? નસીબની બલિહારી. અંજળપાણી. પ્રેમમાં દિવ્ય અનુભૂતિ થાય કે છળનો અનુભવ થાય, એનું નામ અંજળપાણી. કોઈને દોષ દેવાથી સમસ્યાનો હલ નથી આવી શકતો. ટેક કેર. સંભાળી લેવું જોઈએ. પ્રેમનું બીજું નામ સહિષ્ણુતા. સહન કરી લેવું પડે.

**સ્ટોપર :**

"સબુદ્ધિને પણ વ્હેમ થયો છે,
હું જાણું છું કેમ થયો છે.
કહું, કોઈને કહેતા ના,
પ્હેલી નજરે પ્રેમ થયો છે"

— 'અમર' પાલનપુરી